**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,**
છઠ્ઠો માળ, ગિફ્ટ વન,માર્ગ-૫-સી, ઝોન-૫,
ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫, ગુજરાત.

**સ્વપ્રેરિત અરજી ક્રમાંક ન. ૨૬૯૩/૨૦૨૬ના વિષયમાં,**
**આયોગ દ્વારા જાહેર કરાયેલ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (રીન્યુએબલ સંસાધનોમાંથી વીજળી ની પ્રાપ્તિ) ના વિનિયમો ૨૦૨૫ ની જોગવાઈઓ ના અમલીકરણની સ્થિતિ અંગે સંબંધિત સંસ્થાઓ દ્વારા થયેલ પાલન ની સ્થિતિનું નિરીક્ષણ અને ચકાસણી તથા ઉક્ત નિયમો ની જોગવાઈઓ ના અસરકારક અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે આવશ્યક વિગતો સમયસર ઉપલબ્ધ થાય તે માટે સંબંધિત સંસ્થાઓ વચ્ચેના સંકલન સુનિશ્ચિત કરવા બાબત.**

**જાહેર નોટિસ**

ગુજરાત વિજ નિયામક આયોગ દ્વારા પિટિશન નં. ૨૬૪૪/૨૦૨૬ માં સ્વપ્રેરિત (Suo-Motu) કાર્યવાહી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ કાર્યવાહી હેઠળ સ્ટેટ નોડલ એજન્સી ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (GEDA), મુખ્ય વિદ્યુત નિરીક્ષક (Chief Electrical Inspector), સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર (SLDC) તથા વિતરણ લાઇસન્સધારકોને પક્ષકાર તરીકે જોડીને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (રીન્યુએબલ સંસાધનોમાંથી વીજળી ની પ્રાપ્તિ) ના વિનિયમો ૨૦૨૫ ની જોગવાઈઓ ના અમલીકરણ અંગે સંબંધિત સંસ્થાઓ દ્વારા લેવાયેલાં પગલાં નું નિરીક્ષણ અને ચકાસણી કરવા તેમજ ઉક્ત નિયમો ની જોગવાઈઓ ના અસરકારક અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે સંબંધિત સંસ્થાઓ વચ્ચે જરૂરી સંકલન સુનિશ્ચિત કરવાના હેતુથી સ્વપ્રેરિત (Suo Motu) કાર્યવાહી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.. તે મુજબ, સ્વપ્રેરિત પિટિશન નં. ૨૬૯૩/૨૦૨૬ નોંધણી કરી આયોગની વેબસાઇટ (www.gercin.org) પર અપલોડ કરવામાં આવેલ છે.

ગુજરાત વિજ નિયામક આયોગ (કારોબાર વિનિયમો નુ સંચાલન) વિનિયમો, ૨૦૦૪ મુજબ, ઉપરોક્ત સ્વપ્રેરિત પિટિશન નં. ૨૬૯૩/૨૦૨૬ અંગે કોઈપણ વ્યક્તિને વાંધાઓ/સૂચનો રજૂ કરવા હોય તો તેઓએ તે અંગે ના આધાર દસ્તાવેજો સાથે, સોગંદનામા દ્વારા સમર્થિત પાંચ નકલો સાથે, સચિવશ્રી, ગુજરાત વિજ નિયામક આયોગ, 6ઠ્ઠો માળ, ગિફ્ટ વન,, રોડ-5C, ઝોન-5, ગિફ્ટ સિટી, ગાંધીનગર–૩૮૨૦૫૦, ગુજરાત ખાતે તા. ૩૧.૦૮.૨૦૨૬ સુધીમાં મોક્લી આપવા વિનંતી છે.

ઉપરોક્ત સ્વપ્રેરિત પિટિશન નં. ૨૬૯૩/૨૦૨૬ ની સુનાવણી તા. ૦૮.૦૯.૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે આયોગ ના કાર્યાલય ખાતે હાઇબ્રિડ મોડ માં યોજાશે, જેમાં હિતધારકોને વ્યક્તિગત રીતે અથવા વિડિયો કોન્ફરન્સિંગ (VC) દ્વારા હાજર રહેવાનો વિકલ્પ રહેશે.

**સહી/-**
**[રંજીથ કુમાર જે. આઇ.એ.એસ]**
**સચિવ, જી.ઈ.આર.સી**
**ગાંધીનગર, ગુજરાત**

**ગાંધીનગર**
**તા. ૩૦/૦૭/૨૦૨૬**